# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-11-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનો પ્રચાર સમાપ્ત

**બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા ચરણ માટેનો પ્રચાર સમાપ્ત થયો છે. 20 જિલ્લાની 122 વિધાનસભા બેઠકો પર આવતીકાલ મતદાન થશે. આ તબક્કામાં 3 કરોડ, 70 લાખથી વધુ મતદારો 136 મહિલા ઉમેદવારો સહિત 1,302 ઉમેદવારોના રાજનીતિક ભાગ્યનો ફેંસલો કરશે.**

**-----------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અંગોલાના રાષ્ટ્રપતિ સાથે વાતાઘાટ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લુઆન્ડામાં અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ લોરેન્કો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. આ અગાઉ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું લુઆન્ડામાં રાષ્ટ્રપતિ ભવનમાં ભવ્ય સ્વાગત અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બંને નેતાઓએ ભારત અને અંગોલા વચ્ચે બહુપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર વ્યાપક ચર્ચા કરી હતી.

રાષ્ટ્રપતિએ ઘણા ક્ષેત્રોમાં ભારતની કુશળતા પર પ્રકાશ પાડ્યો અને પરસ્પર વિકાસ અને સમૃદ્ધિ માટે આ તકોનો લાભ લેવા માટે અંગોલા સાથે નજીકથી કામ કરવાની તૈયારી વ્યક્ત કરી હતી.

ટકાઉ વિકાસ પ્રત્યે અંગોલાની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરતા, રાષ્ટ્રપતિ મુર્મુએ ભારતની આગેવાની હેઠળની બે મુખ્ય વૈશ્વિક પહેલ - ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ અને ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાવા બદલ અંગોલાને અભિનંદન આપ્યા હતા. બંને

પક્ષો પસંદગીના ક્ષેત્રોમાં સહયોગને ઔપચારિક બનાવવા માટે અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવાના છે. હવાઈ સેવાઓ કરારને વધુ વિકસાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------

## ટેકાના ભાવે ખરીદીનું પ્રારંભ

રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગરના દહેગામ ખાતેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી વાઘાણીએ ખેડૂતો સાથે વાતચીત પણ કરી હતી. બજાર કરતા વધુ ભાવે જણસીની ખરીદી કરવા બદલ ખેડૂતોએ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ખેડૂતો પાસેથી 15 હજાર કરોડથી વધુની કિંમતની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવામાં આવી રહી છે. ગઈકાલથી શરૂ થયેલી ખરીદીનું ગાંધીનગરના કૃષિ ભવન ખાતેથી લાઈવ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્યભરમાં કુલ 97 કેન્દ્રો પર ગઇકાલથી ખરીદી શરૂ કરવામાં આવી છે, જ્યારે રાજ્યના કુલ 300 કેન્દ્રો પરથી આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે.

---------------------------------------------------------------------------------

## બીએસએફના 61 મા સ્થાપના દિવસની ઉજવણી પૂર્વે બેન્ડ શો

બોર્ડર સિક્યુરિટી ફોર્સ (**BSF**)ના 61મા સ્થાપના દિવસની ઉજવણી પૂર્વે, ગઈકાલે જિલ્લા મથક ભુજમાં સ્મૃતિવન ખાતે **BSF** બેન્ડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં **BSF**ની 28 મહિલા પ્રહરીઓએ દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત પાઇપ બેન્ડની પ્રસ્તુતિ રજૂ કરી હતી. તેમની ઉત્સાહભરી પ્રસ્તુતિ દળની શિસ્ત, સમર્પણ અને પ્રતિબદ્ધતાનું જીવંત પ્રતિબિંબ બની રહી હતી. દેશભક્તિ ગીતોની ધૂનોએ સમગ્ર માહોલને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ગુંજાવી દીધો હતો.

કાર્યક્રમનો મુખ્ય હેતુ જનમાનસમાં **BSF**ના સ્થાપના દિવસ અંગે જાગૃતિ લાવવાનો અને દળના ગૌરવશાળી ઇતિહાસ, પરંપરા તથા સેવાના સંકલ્પને ઉજાગર કરવાનો હતો.

ઉલ્લેખનીય છે કે, **BSF**ના 61મા સ્થાપના દિવસનો મુખ્ય કાર્યક્રમ આગામી 21 મી નવેમ્બરે જિલ્લા મથક ભુજમાં મુન્દ્રા રોડ પર આવેલ **BSF** 176 બટાલિયન ખાતે યોજાનાર છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

---

## અભ્યાસ ત્રિશુલના ભાગરૂપે અભ્યાસ બ્રહ્મશિરા

અભ્યાસ ત્રિશૂલના ભાગરૂપે ભારતીય સૈન્ય એ કચ્છના રણ અને ક્રીક ક્ષેત્રમાં અભ્યાસ બ્રહ્મશિરાનું આયોજન કર્યું હતું.

આ યુદ્ધ અભ્યાસમાં ત્રણે સેનાઓ થલ, નૌકા અને વાયુ સેના સાથે ભારતીય કોસ્ટ ગાર્ડ, બીએસએફ અને નાગરિક પ્રશાસન વચ્ચે સમન્વયપૂર્ણ ભાગીદારી દ્વારા જમીન, સમુદ્ર અને આકાશ ક્ષેત્રે સંયુક્ત ક્ષમતાઓની તપાસ કરવામાં આવી હતી.

ભારતીય સેનાના પરિવર્તનના દાયકાના પ્રતિક રૂપે આ અભ્યાસમાં જોઇન્ટ ટાસ્ક ફોર્સીસ, અદ્યતન જોઇન્ટ કંટ્રોલ સેન્ટર અને મજબૂત ઓપરેશનલ આંતરમાળખા દ્વારા બહુ-પરિમાણીય ઓપરેશન્સ જાળવવાની સક્ષમતા દર્શાવવામાં આવી હતી. સાથે જ નવી માળખાકીય વ્યવસ્થા, અદ્યતન ટેકનોલોજી અને અનુકૂળ યુદ્ધક્ષમતાની પણ પરખ કરવામાં આવી હતી.

ભારતીય સૈન્યના જાહેર માહિતી વિભાગના અધિક મહાનિર્દેશક દ્વારા બહાર પાડવામાં આવેલ અધિકૃત નિવેદન મુજબ, અભ્યાસ બ્રહ્મશિરા ભારતની મિલિટરી-નાગરિક તાલમેલ અને હોલ-ઑફ-નેશન અભિગમ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, જે દેશની ત્રણેય સેનાઓની તાત્કાલિક, સંકલિત અને નિર્ણાયક પ્રતિક્રિયા આપવાની ક્ષમતા પ્રદર્શિત કરે છે.

---

## દિનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા જમીનની ફાળવણી

દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકા વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રીય કચેરી કોમ્પ્લેક્સ માટે તાલુકા પંચાયતની સામે, પૂર્વ ઝોનલ ઓફિસ માટે મામલતદાર ઓફિસની પાસે, પશ્ચિમ ઝોન માટે મુંદ્રા સર્કલ પાસે આદિપુર બસ સ્ટેન્ડની સામે અને પીએમ ઈ બસ સ્ટેશનના ટર્મિનલ માટે એસટી બસ સ્ટેશનની પાસે જમીન ફાળવવામાં આવી છે.

-------------------------------------------------------------------------------------